dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC

VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

December 2014 | For private circulation only | Vol. 06 - Issue 143

एक शिक्षक तब तक सच्चा शिक्षक नहीं हो सकता, जब तक कि वह स्वयं न सीख रहा हो। एक दीपक तब तक दूसरे दीपक को नहीं जला सकता, जब तक कि वह स्वयं न जल रहा हो। वह शिक्षक, जिसने अपने विषय का अंत मान लिया है, जिसको अपने विषय के ज्ञान से कोई सरोकार नहीं है और जो अपने विद्यार्थियों को केवल पाठ दोहराता रहता है, वस्तुतः उनके दिमाग को बोझिल बनाता रहता है, वह उनमें जागृति पैदा नहीं कर सकता।

रवीन्द्रनाथ टैगोर

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

"સંગીતનો જેને શોખ હશે, અને જેણે સારા સંગીતકારને તંબૂર સાથે ગાતાં સાંભળ્યો હશે, તેના ધ્યાનમાં એક વાત આવી હશે. તંબૂરના તાર જે ઘોડી પર ઠેરવવામાં આવ્યા હોય છે, તે તાર અને ઘોડીની વચ્ચે એક નાનકડો દોરો હોય છે. સંગીતકાર પોતાનું સંગીત શરૂ કરે છે, તે પહેલાં એ તંબૂરને સૂરમાં મેળવતાં મેળવતાં એ દોરાને સહેજ આઘોપાછો કરે છે. સામાન્ય માણસને તો આ ક્રિયા એ કેવળ પ્રેક્ષકોમાં કંટાળો ઊભા કરવાના ઈરાદાથી કરવામાં આવતી હોય એમ લાગે છે. પણ જરાક સહૃદયી માણસ આ કંટાળાભરેલી દેખાતી ક્રિયાને ધ્યાનથી જૂએ ત્યારે તેને ખબર પડે છે કે તંબૂરના તાર તથા ઘોડી વચ્ચેનો આ નાનકડો તાંતણો ઘોડી ઉપર અમુક જગ્યામાં આવે છે, એટલે તારના ઝંકારમાં ચેતન આવે છે. અને તે દોરી તે જગ્યાએથી જરાક આઘી-પાછી થાય છે, એટલે તાર બોદો લાગે છે"

શિક્ષણ અને માત્ર શિક્ષણ જેમના શ્વાસનો પર્યાય હતો તેવા મૂળશંકર મો. ભટ્ટના ઉપરોકત વિચારો તેમણે શિક્ષણના સંદર્ભમાં વ્યકત કર્યા હતા. શિક્ષણની ધરી ગણાતા શિક્ષકો જો આ વિચારો વિશે ચિંતન કરે તો તેનું શુભ પરિણામ અવશ્ય મળે જ મળે. શિક્ષકને પોતાને અને સમાજને બંનેને એ ફાયદાકારક થાય. પોતાની પ્રવૃતિનો મુખ્ય તાર કયો છે તેની ઓળખ અને ઓળખ પછી તેને રણકતો કરી, રણકતો રાખવાની કળા શિક્ષકે હસ્તગત્ કરવી પડે. ઘણીવાર એવું જોવા કે સાંભળવા મળે છે કે કેટલાક શિક્ષકો મૂળ તાર છોડી નકામા તાર પકડી બેસે છે. આમ થવાથી શિક્ષક અને શિક્ષણ બંનેને નુકશાન થાય છે. 'શિક્ષક સજ્જતા'ના એક સેમિનારમાં મારે સૌરાષ્ટ્ર તરફ જવાનું થયું. દોઢેક કલાકના મારા વકતવ્ય પછી આયોજક સંસ્થાએ અડધો કલાક પ્રશ્નોત્તરીનો રાખ્યો હતો. એક શિક્ષકે મને પ્રશ્ન પૂછયોઃ "સાહેબ, શાળામાં મારું મન નથી લાગતું" મેં ઉત્તરમાં ફકત એટલું જ કહયું કે, "મન લગાડવાનું નથી, મનને જગાડવાનું છે !! એક વાર મન જાગી ગયું પછી એ લાગી જ જવાનું છે. શેરબજારમાં મન લાગે તો પછી શાળામાં કેમ ન લાગે ? ક્રિકેટમાં મન લાગે તો પછી શિક્ષણમાં કેમ ન લાગે?? શિક્ષણના ક્ષેત્રમાં પડેલા શિક્ષકમિત્રોની અધ્યાપન નિષ્ઠા વિશે સંદેહ ન કરીએ; એમના પર્યાપ્ત ઉત્સાહ છતાં, ગમે તેટલી મહેનત કરવા છતાં વર્ગ શિક્ષણમાં વિદ્યાર્થીઓ સાથેના સંવાદ તથા વ્યવહારમાં તેઓ આનંદજન્ય અનુભવ નથી કરી શકતા. શિક્ષકની કારકિર્દી સ્વીકારતાં જ જે તે વ્યકિત પોતાના વિદ્યા પ્રેમ, વિદ્યાર્થીપ્રેમ તથા ચૈતન્યસભર બની રહેતા શિષ્ય-ગુરૂ વચ્ચેના આંતર સંબધો વિશે ગંભીરતાથી વિચારી લે એ અનિવાર્ય છે. પોતાના વિષયમાં પૂરેપૂરી સજ્જતા કેળવવા મથનારો શિક્ષક વર્ગખંડમાં એ પ્રકારે ઊઘડતો જાય છે; જેમ વૃક્ષની ડાળીઓને પાંદડાં ફૂટતાં હોય !

વિશ્વખ્યાત અધ્યાત્મદર્શી ચિંતક જે. કૃષ્ણમૂર્તિએ વિદ્યાર્થીમાં મૂળભૂત રીતે પરિવર્તન આણવાની જવાબદારી શિક્ષકની ગણાવી છે. અભ્યાસક્રમના અધ્યાપન ઉપરાંત વિદ્યાર્થીને એક માનવી તરીકેની સંપૂર્ણ જવાબદારીથી અવગત કરાવવો એ પણ શિક્ષકનું કાર્ય છે એમ જણાવતા શિક્ષણ, શાળાઓ તેમજ શિક્ષકો વિશેનો બહુમૂલ્ય વિચાર આ પ્રમાણે દર્શાવ્યો છે.

"શિક્ષણનાં આ કેન્દ્રોએ શિક્ષકો અને વિદ્યાર્થીઓ બન્નેને ફૂલની પેઠે વિકસાવવામાં સહાય કરવી જોઈએ. ફૂલની જેમ ખીલે એ અત્યંત મહત્વનું છે. નહિતર એ શિક્ષણ માત્ર કારકિર્દી અથવા કોઈ એક વ્યવસાય માટે વિદ્યાર્થીને તૈયાર કરનારી યાંત્રિક પ્રક્રિયા બની રહે." આપણી શિક્ષણ વ્યવસ્થામાં સંસ્કારનો વારસો નવી પેઢીમાં કેવી રીતે અવતારી શકાય એનું ગહન ચિંતન થવું જોઈએ. શિક્ષણ માહિતી અને જ્ઞાન તો આપે જ; એ વિદ્યાર્થીમાં કરુણા, અભય સેવાવૃતિ તથા શૌર્યના ગુણો પણ સંપ્રેષિત કરે છે. મનુભાઈ પંચોળી 'દર્શક' શિક્ષણની ખરી તાકાતનો નિર્દેશ કરતાં જણાવે છે :

"ભણાવવું એટલે શું ? ભણાવવું એટલે જ્ઞાન આપવું અને સાથે મરદાનગી આપવી. આજે શિક્ષણનું મુખ્ય કામ અન્યાય સામે લડવાનું શીખવવાનું છે. આપણા શિક્ષણમાંથી, સાહિત્યમાંથી એવી તાકાત જન્મવી જોઈએ કે જેથી સામાન્ય માણસ ઊઠીને ઊભા થાય અને અન્યાય નિવારણ માટે લડત આપે. શિક્ષણનું ખરું કામ આ છે. ભણેલો માણસ શૂરવીર હોય. સેવા પણ એને માટે જ છે. સેવામાં મરદાનગી પ્રગટ થવી જોઈએ. સામાન્ય માણસમાં નૂર પ્રગટવું જોઈએ. શિક્ષણ, સાહિત્ય અને સેવાએ જે કરવાનું છે તે આ છે. શિક્ષણ ખાતર શિક્ષણ નહીં, સાહિત્ય ખાતર સાહિત્ય નહીં; સેવા ખાતર સેવા નહીં. તે ત્રણેયમાંથી શકિત પ્રગટવી જોઈએ માણસ બેઠો થવો જોઈએ. આવી તાકાત જો ન નીપજતી હોય, તો શિક્ષણ-સાહિત્ય-સેવા બધું નકામું.."

આપણે પણ ઈચ્છીએ કે આપણી શિક્ષણ સંસ્થાઓમાંથી મરદાનગી લઈને અન્યાય સામે ઝૂઝનારો સેવાભાવનાથી, રાષ્ટ્રભાવનાથી તરવરતો અને અસલી નૂર ધરાવતો ખરો વિદ્યાર્થી બેઠો થાય..

તા. ૧૫ ડિસેમ્બર, ૨૦૧૪

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## એવોર્ડ










યુનિવર્સિટીના કમ્પ્યૂટર સાયન્સ વિભાગના હોલમાં વિભાગના વડાશ્રીઓ, અધિકારીઓ અને કર્મચારીઓની વિશાળ ઉપસ્થિતિમાં કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરને તા. ૨૮-૧૧-૧૪ના રોજ વર્લ્ડ ટેકવેન્ડો હેડકવાર્ટસ, કોરિયાના કુકી-૧ના ગ્રાન્ડ માસ્ટર હાંગ-ઈન-સીક અને કુકી-૧ના એડમિનિસ્ટ્રેટર માસ્ટર કાંગ-મૂનના હસ્તે ફિફ્થ ડિગ્રી સાથેની બ્લેક બેલ્ટની માનદ પદવી એનાયત કરવામાં આવી હતી. ટેકવેન્ડો બોર્ડ ઓફ ઈન્ડિયાના પ્રેસિડેન્ટ શ્રી સંદિપ કેસુરિયા અને હીરો ટેકવેન્ડો એકેડેમી, ગુજરાતના પ્રેસિડન્ટ શ્રી ધર્મેશ મિસ્ત્રીએ પણ કુલપતિશ્રીનું સન્માન કર્યું હતું.

રાજય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ટુર્નામેન્ટ યોજતા તથા વિદ્યાર્થીઓમાં સેલ્ફ ડિફેન્સની ક્ષમતા વિકસાવતી કોરિયાની વર્લ્ડ ટેકવેન્ડો હેડકવાર્ટર્સ દ્વારા સમયાંતરે વિવિધ ક્ષેત્રમાં અગ્રગણ્ય હોય એવી વ્યકિતનું બ્લેક બેલ્ટની માનદ પદવીથી સન્માન કરવામાં આવે છે. આ પ્રસંગે કાર્યક્રમના સંચાલક શ્રી મોહનભાઈ પટેલે જણાવ્યું હતું કે, ફેડરેશન દ્વારા દેશભરની યુનિવર્સિટીના કોઈ એક કુલપતિને સન્માનની ઈચ્છા વ્યકત કરાઈ હતી. તેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરની પસંદગી કરાઈ હતી.

સન્માનનો પ્રત્યુત્તર પાઠવતાં કુલપતિશ્રીએ સ્પોર્ટસમેન સ્પીરીટ દાખવી આનંદ વ્યકત કરવાના સથે જો સાચી મહેનતથી આ પદવી મેળવી હોત તો વધું આનંદ થયો હોવાની લગણી વ્યકત કરી હતી. આ મારું બહુમાન નથી પણ આપણી યુનિવર્સિટીનું બહુમાન છે તેવું જણાવીને આભાર માન્યો હતો.

## પારિતોષિક




કુમાર ટ્રસ્ટના ઉપક્રમે ૨૯ નવેમ્બરના રોજ સાહિત્ય પરિષદ ખાતે સાંજે ૫ વાગ્યે પારિતોષિક એનાયત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં યુનિવર્સિટીના ગુજરાતી વિભાગનાં આસિ. પ્રોફે. ડૉ. પન્ના ત્રિવેદીને તેમની ટૂંકીવાર્તા 'રિહાઈ' માટે વર્ષ ૨૦૧૨નો 'કમલા પરીખ લેખિકા પારિતોષિક' ગુજરાતી ભાષાના મૂર્ધન્ય સાહિત્યકારશ્રી ચંદ્રકાન્ત શેઠ તથા શ્રી અનિલા દલાલના વરદ હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. અભિનંદન.

## સેમિનાર

યુનિવર્સિટીના માનવ સંસાધન વિકાસ વિભાગમા "R ફોર બીગનર્સ" પર એક કાર્યશિબિર નવેમ્બર ૧૫, ૨૦૧૪ના રોજ યોજાઈ ગયો. R સોફ્ટવેર સ્ટેટીસ્ટીકલ એનાલીસીસ માટે ખુબજ ઉપયોગી અને અગત્યનું સોફ્વટવેર છે. R નો ઉપયોગ સંશોધન અને અધ્યાપન કાર્યમાં કેટલાક વિકસિત દેશોમાં વિપુલ પ્રમાણમાં થાય છે. આ જ સોફ્ટવેરનું ખુબ જ અગત્યનું પાસું એ છે કે તે તદન નિઃશુલ્ક સોફ્ટવેર છે. R સોફ્ટવેરને પ્રચલિત કરી તેનો વધુ ને વધુ ઉપયોગ થાય તે હેતુથી આ કાર્યશિબિર યોજાયો હતો. કાર્યશિબિરમાં વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના ડૉ. એ. સુબ્બારાવ, ઉકા તરસાડિયા યુનિવર્સિટીના પ્રબંધન વિભાગનાં પ્રા. ડૉ. પ્રશાંત જોષી તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માનવસંસાધન વિકાસ વિભાગનાં ડૉ. સ્મૃતિ બલસારીએ તજજ્ઞો તરીકે સેવા આપી હતી. આ કાર્યશિબિરમાં ગુજરાતની વિવિધ સંસ્થાઓમાંથી અધ્યાપકો તેમજ સશોધનકર્તાઓએ ભાગ લીધો હતો.

## સ્પર્ધા



શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે તા.૧૫/૧૧/૧૪ના રોજ શૈક્ષણિક પ્રવૃતિઓના નેજા હેઠળ, ગુજરાત એજ્યુકેશન ઈનોવેશન કમિશનના સભ્યો શ્રી ડૉ. પરેશભાઈ પટેલ અને શ્રી પિયુષભાઈ જોષીનું "Teaching is Reaching" વિષય પર પ્રેરણાત્મક પ્રવચન યોજાયું હતું. જેમાં પરેશ-પિયુષની જોડીએ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનસહ વકતવ્ય અને

કાર્યશિબિર દ્વારા એમ.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓને સક્રિય રીતે સહભાગી બનાવી સતત બે કલાક સુધી જીજ્ઞાસામય પર્યાવરણમાં રસ તરબોળ કરી દીધા હતા. બૌધ્ધિક કવીઝ, નવીન અને જૂની શિક્ષણ પધ્ધતિનો તફાવત તથા સમસ્યા ઉકેલના હકારાત્મક-નકારાત્મક માર્ગોની વિડિયો કિલપ દ્વારા અસરકારક રજૂઆતો કરવામાં આવી હતી. પ્રોફેસર ડો. દિપીકાબહેન શાહ દ્વારા મહેમાનોને આવકારી પરિચય આપવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા આનંદમય હકારાત્મક પ્રતિચારો દર્શાવવામાં આવ્યા હતા અને આ વ્યાખ્યાનો વારંવાર યોજાય એવી માંગ કરવામાં આવી હતી. અંતે પ્રા. શ્રી કિશોરભાઈ પટેલે આભારદર્શન કર્યું હતું.

ગુજરાત સરકારનાં પરિપત્રક્રમાંક પરચ-૧૨૨૦૧૪-૩૩૧/વ.ર, .તા.૨૦/૧૦/૨૦૧૪ને અનુલક્ષીને, શિક્ષણ વિભાગના વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે શિક્ષણ વિભાગ ઈ. ચા. અધ્યક્ષ અને પ્રોફેસર ડૉ. દીપિકાબહેન શાહના માર્ગદર્શન હેઠળ, ''ગુટખા પ્રતિબંધ જાગૃતિ'' અભિયાન પ્રયોજવામાં આવ્યું હતું. જે અંતર્ગત પોસ્ટર સ્પર્ધા, ચિત્રસ્પર્ધા, ચર્ચાસભા અને નિબંધ-લેખનનું આયોજન થયું હતું. જેમાં વિભાગના બધા જ ૭૪ વિદ્યાર્થીઓ સક્રિયપણે સહભાગી થયા હતાં. જે અંતર્ગત ૧૧ જેટલાં પોસ્ટરો, સૂત્રો સાથે તૈયાર કરવામાં આવ્યા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે વિભાગનાં તમામ અધ્યાપકોએ ઉત્સાહપૂર્ણ સેવા આપી હતી. તદ્ઉપરાંત, યુનિવર્સિટીના હેલ્થ સેન્ટરના મેડિકલ ઓફિસર ડૉ. અશોકભાઈ પટેલનું ''ગુટખા પ્રતિબંધ જાગૃતિ'' અંગે એક મનનીય પ્રેરણાત્મક પ્રવચન પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા રજૂ થયું હતું. જેના અંતે વિદ્યાર્થીઓ સાથે સઘન પ્રશ્નોત્તરી પણ થઈ હતી. વિભાગના પ્રોફેસર ડૉ. રાજેન્દ્રભાઈ પટેલ દ્વારા ડૉ. અશોકભાઈ પટેલનો આવકાર-પરિચય અપાયો હતો. અધ્યાપક કિરણ પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન થયું હતું. જ્યારે ડૉ. મિનેષ ટી. પટેલ દ્વારા આભારવિધી કરવામાં આવી હતી.

યુનિવર્સિટીના બાયોટેકનોલોજી વિભાગમાં ગતિશીલ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત ગુટખા પ્રતિબંધ અંગેની લોકજાગૃતિ કેળવવા માટેના કાર્યક્રમના આયેજન અંગેનું માર્ગદર્શન પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થીઓને વિભાગની અધ્યાપિકાઓ રઈસા ઉસ્માની, સુબિકા જામવાલ અને સુચિતા અમીન દ્વારા આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના સહકારથી ચિત્ર સ્પર્ધા તેમજ પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કો-ઓર્ડિનેટર શ્રી ગૌરાંગભાઈ શાહે વિદ્યાર્થીઓના આ સરાહનીય કાર્યની પ્રશંસા કરી હતી તેમજ આશા વ્યકત કરી હતી કે આ જાગૃતિ વિદ્યાર્થીઓ દ્વારા સમાજમાં પણ પ્રસરે.



આર.જી.પી. વિશ્વવિદ્યાલય, ભોપાલ મુકામે આંતર યુનિવર્સિટી બેડ્મિન્ટન (ભાઈઓ) ટુનામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલસચિવશ્રી જે.આર. મહેતાના પ્રમુખ પદે યુનિવર્સિટી પરિસદ ખાતે યોજાયો હતો. મહાનુભવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓ શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચ શ્રી હરેન્દ્ર રાવતે કોચીંગ લાગ્યું હતું. અને મેનેજર તરીકે શ્રી પ્રો. કે. એસ. ચૌહાણે સેવા આપી. ૧) શ્રી રૂટ નયન ડી., ૨) શ્રી શેખ સોહીલ જી., ૩) શ્રી પડીયા સાગરકુમાર જે., ૪) શ્રી બારીયા લક્ષ્ય, ૫) શ્રી પટેલ હાર્દિકકુમાર ડી.



બનાસ્થલી યુનિવર્સિટી, રાજસ્થાન મુકામે આંતર યુનિવર્સિટી બાસ્કેટબોલ (બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલસચિવશ્રી જે.આર. મહેતાના પ્રમુખ પદે તથા ડૉ. વિનોદભાઈ પટેલના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતા. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં, યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને શ્રી આર. સી. ભાલાવાલાએ કોચીંગ આપ્યું હતું. અને મેનેજર તરીકે શ્રી ભાવીન પટેલે સેવા આપી. ટીમઃ ૧) કુ. મીના આરઝુ આર., ૨) કુ. કંદોથ નિમિષા આર. ૩) કુ. તૈલી લીલા એસ., ૪) કુ. કચ્છી વૈભવી આર., ૫) કુ. પરમીત કોલ જી., ૬) કુ. ધનાની ફરહાટ એસ., ૭) કુ. વેલુગન પ્રતિક્ષા પી., ૮) કુ. દલાલ ઝલક એસ., ૯) કુ. મહેતા તેજસ્વીની આર., ૧૦) કુ. ત્રિવેદી હિતાક્ષી વી., ૧૧) કુ. બજાજ પ્રિયંકા બી., ૧૦) કુ. બેલાની નિધિ એમ.



આર.જી.પી. વિશ્વવિદ્યાલય, ભોપાલ મુકામે આંતર યુનિવર્સિટી બેડ્મિન્ટિમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલસચિવશ્રી જે.આર. મહેતાના પ્રમુખ પદે અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયાના અતિથિ પદે યુનિવર્સિટી પરિસદ ખાતે યોજાયો હતો. મહાનુભવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને કોચ શ્રી હરેન્દ્ર રાવતે કોચીંગ આપ્યું હતું. અને મેનેજર તરીકે

શ્રી જીગ્નેશ ટંડેલે સેવા આપી હતી. ૧) કુ. રાવત અંજલી એચ., ૨) કુ. કિસ્ચીયન સેનાન પી., ૩) કુ. ટંડેલ રીની ડી., ૪) કુ. શાહ શીખ કે., ૫) કુ. કછોલા નિકિતા સી.



બરકતુલ્લા યુનિવર્સિટી, ભોપાલ મુકામે આંતર યુનિવર્સિટી ક્રિકેટ (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી દક્ષેશ ઠાકરના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી જે.આર.મહેતા અને બોર્ડ ઓફ સ્પોર્ટસ ચેરમેનશ્રી કિરીટસિંહ વાંસદીયાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કિર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતા. યુનિવર્સિટીના નિયામકશ્રી પોલ ડેવિડે ખેલાડીઓને પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. આ ટીમને એન.આઈ.એસ. કોચ શ્રી કેતન પટેલે કોચીંગ આપ્યું છે અને મેનેજર તરીકે શ્રી પ્રો. જીતેન્દ્ર ટંડેલ સેવા આપી રહયા છે. ક્રિકેટ (ભાઈઓ)ની આંતર યુનિવર્સિટી ટીમઃ ૧) શ્રી લિલાકાર જીગર એસ., ૨) શ્રી પટેલ અક્ષય આર., ૩) શ્રી હર્ષ વી., ૪) શ્રી ધરીયા દિવ્યજીત એસ., ૫) શ્રી પટેલ અંકિત બી., ૬) શ્રી અગ્રવાલ આઓન કે., ૭) શ્રી ગરધરીયા અભિષેક જે., ૮) શ્રી સોપારીવાલા અભિષેક જે; ૯) શ્રી સૈયદ રૈયમુદદીન આર., ૧૦) શ્રી રાઠોડ મીત એન., ૧૧) શ્રી ગાંધી ચિંતલ એચ., ૧૨) શ્રી શેખ સેફુલ્લા એચ., ૧૩) શ્રી ટંડેલ અભિનવ જે., ૧૪) શ્રી પટેલ કેયૂર જે., ૧૫) શ્રી કરા ઈસ્માઈલ એ.

# કોલેજ ન્યૂઝ

## સ્વચ્છતા અભિયાન

મહાત્મા ગાંધીજીની તા. ૨/૧૦/૧૯ના રોજ આવનારી દોઢસોમી જન્મ જયંતિ ઉજવણીના ભાગસ્વરૂપે વલસાડની બી.કે.એમ.સાયન્સ કોલેજ ખાતે તા. ૨૭/૯/૧૪થી તા. ૨/૧૦/૧૪ દરમ્યાન જુદા જુદા કાર્યક્રમો થકી કોલેજના સમગ્ર કર્મચારીગણ અને વિદ્યાર્થીગણે કોલેજ પરિસરની સાફ સફાઈ કરી સ્વચ્છતા વીકની ઉજવણી કરેલ હતી. આ ઉજવણી દરમ્યાન આચાર્યશ્રી ડૉ. વિકાસ એ.દેસાઈએ સર્વને જીવનમાં સ્વચ્છતાનું મહત્વ સમજાવી સ્વચ્છતાના શપથ લેવડાવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા સ્વચ્છતા કન્વીનર ડા. નેવિલ દેસાઈના માર્ગદર્શન હેઠળ પરિવારે જહેમત ઉઠાવી હતી.

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડમાં 'સ્વચ્છ ભારત અભિયાન' અંતર્ગત સરકારશ્રીએ જાહેર કરેલ કાર્યસૂચિના અનુસંધાનમાં તા.૪/૧૦/૧૪ના રોજ કોલેજ પરિવારના તમામ સભ્યોએ 'સ્વચ્છતા શપથ' લીધા હતા. આચાર્યશ્રી ડૉ.જે.એમ.નાયકે તમામ વિદ્યાર્થીઓ તથા બંને પાંખો-શૈક્ષણિક અને વહીવટી સ્ટાફના મિત્રો પાસે મહાત્મા ગાંધીના સ્વપ્નનું સ્વચ્છ ભારત બનાવવા માટે વ્યકિતદીઠ પ્રતિસપ્તાહ બે કલાક શ્રમદાન કરી સ્વયંથી આજુબાજુમાં ફેલાવેલ ગંદકી દૂર કરવાના તથા અન્યો પાસે પણ આ કાર્ય કરવવાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. દરેક વિદ્યાર્થીઓએ, સ્ટાફમિત્રોએ તથા આચાર્યશ્રી અને ઉપાચાર્યશ્રીઓ પણ પોતાની જગ્યાએ ઉભા થઈ પ્રતિવર્ષ સ્વચ્છતા માટે ઓછામાં ૧૦૦ કલાક આપવાના તથા બીજી ૧૦૦ વ્યકિતઓ પાસે આ કાર્ય કરાવવાનો સંકલ્પ કર્યો હતો. આ ઉપરાંત આ કાર્યક્રમ અતર્ગત તા.૨/૧૦/૧૪ના રોજ એન.એસ.એસ. અને એન.સી.સી. ના વિદ્યાર્થીઓ દ્વારા કેમ્પસ સફાઈ પણ હાથ ધરવામાં આવી હતી.

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં રાષ્ટ્રીય સેવા યોજના ઉપક્રમે "સ્વચ્છ ભારત સપ્તાહ" ની ઉજવણી નિમિત્તે વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના વહીવટી મકાન, વર્ગખંડો, લેબોની સફાઈ, બાગની સફાઈ, પાણીના ટાંકીની સફાઈ, અગાસીની સફાઈ, કોલેજ ગ્રાઉન્ડની સફાઈ તેમજ તૂટેલા પ્લાસ્ટીકનો સ્ક્રેપ અને તુટેલા રાચ-રચીલાના ટુકડાઓનો નિકાલ કરવામાં આવ્યો હતો. "સ્વચ્છ ભારત સપ્તાહ" વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિક્ષિતકુમાર ડી. પટેલ પ્રથમક્રમે વિજતા બન્યા હતા. વિદ્યાર્થીઓને સફાઈ જાળવણી અંગે પ્રતિક્ષા લેવડાવામાં આવી હતી. સ્વચ્છતાનું આપણા માટે અને સમાજ માટે મહત્વ વિષય પર પ્રાસંગિક પ્રવચન યોજવામાં આવ્યું હતું.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં સ્વચ્છ ભારત નિર્માણ મિશન હેઠળ સફાઈના અભિયાનને પ્રોત્સાહન આપવાના હેતુથી તા.૧૨/૧૧/૧૪ સંપૂર્ણ કોલેજ કેમ્પસમાં અને આજુ બાજુ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. તા.૧૫/૧૧/૧૪ના રોજ સ્વચ્છતા અભિયાન અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે સ્નેહા એ પટેલ, દ્વિતીય ક્રમે ઘેલાણી સ્નેહલ જી. અને ત્રીજા ક્રમે ચૌધરી ગોમતિ એમ. ચોથા ક્રમે પટેલ ઉન્નતિ એચ અને દરજી વૈશાલી ડી. પાંચમાં ક્રમે સોલંકી ક્રિષ્ના આર અને પારેખ પૂજા જે તેમજ છઠા ક્રમે કાલગુડે ઉપાસના એ. અને પટેલ સોનલ જે. વિજેતા જાહેર થયા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. પત્રલેખાબેન બારડ અને પ્રા. પ્રીતિબેન પટેલે સેવા આપી હતી.

## ઊજવણી

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્.સુરતમાં નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો પ્રારંભ માતાજીની આરતી અને પ્રાચીન ગરબાથી થયો હતો. ટ્રસ્ટીશ્રી મેહુલભાઈ જોષી, શ્રી જીતુભાઈ શાહ અને કોમર્સ ફેકલ્ટીના ઈ.ચા.પ્રિ.ડો.વૈશાલીબેન પટેલ હાજર રહયા હતા. તાલીમાર્થીઓ માટે આરતી શણગાર સ્પર્ધાનું આયોજન કર્યુ હતું. જેમાં પ્રથમ ક્રમે પટેલ પૂનમ બી., બીજા ક્રમે પટેલ પ્રવિણા એચ. તથા તૃતીય ક્રમ ચૌધરી તૃપ્તિ જે. ગરબામાં બેસ્ટ ડ્રેસ સ્પર્ધામાં બહેનોમાં પ્રથમ ક્રમે પટેલ સ્મિતા કે., બીજા ક્રમે પટેલ ચેતન વી. તથા ભાઈઓમાં પટેલ ધર્મેન્દ્ર યુ. બેસ્ટ એકશન સ્પર્ધામાં પ્રથમ ક્રમે પારેખ પૂજા જે. બીજા ક્રમે પટેલ સ્નેહા એ. અને ભાઈઓમાં પ્રથમ ક્રમે પ્રજાપતિ જયેશ એમ. વિજેતા થયા હતા. આરતી શણગાર સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. વલ્લભભાઈ ઠંઠ અને બેસ્ટ એકશન અને બેસ્ટ ડ્રેસ સ્પર્ધામાં ડૉ. મિનાક્ષીબેન જરીવાલા અને ડૉ.પારૂલબેન નાયકે સેવા આપી હતી.

એ. વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં સ્ટુડન્ટ્સ કાઉન્સિલની સાંસ્કૃતિક કમિટિના ઉપક્રમે નવરાત્રિ-ગરબા મહોત્સવની શાંત અને સૌમ્યતાપૂર્ણ વાતાવરણમાં રંગેચંગે ભવ્ય ઉજવણી થઈ હતી. વિદ્યાર્થીઓ તથા કોલેજ પરિવાર માતાજીના ગરબે ઘૂમ્યો હતા. સામાન્ય મંત્રી અઝીઝ પઠાણ, સાંસ્કૃતિક મંત્રી દિવ્યેશ મિસ્ત્રી અને કાઉન્સલના સભ્યોએ સુંદર અને સફળ કામગીરી બજાવી હતી. આચાર્ય ડૉ. ભારતીબેન પંચોલી, સાંસ્કૃતિક કમિટિના

અધ્યક્ષ પ્રા. એન.બી. સોલંકી તથા કોલેજ પરિવારે કાર્યક્રમને સફળ બનાવવા વિદ્યાર્થીઓની સાથે રહી માર્ગદર્શન અને સહકાર આપ્યો.

બી.જે.પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન રંગ-કલા કૌશલ્ય ધારા અંતર્ગત દિવાળી પર્વની ઉજવણીના ભાગરૂપે રંગોળી સ્પર્ધા તથા દિવાળી ગ્રેટીંગ્સ કાર્ડ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પુરોહિત કામિનીબેન, દ્વિતીય ક્રમે મોરી સ્વાતિબેન, તૃતીય ક્રમે પટેલ હેતલબેન વિજેતા રહયા હતા. ગ્રીટીંગ્સ કાર્ડ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ચૌધરી પદમાબેન દ્વિતીય ક્રમે આહિર અંજલીબેન, તૃતીય ક્રમે ચૌધરી કિનલબેન વિજેતા રહયા હતા. સ્પર્ધાના તમામ  ઈનામો હાઈટેક, બારડોલી તરફથી એનાયત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું આયોજન કાર્યકારી આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલ તથા સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ પ્રા. ડૉ. મીનાબેન પરમારે કર્યું હતું. નિણાર્યક તરીકે સૌ અધ્યાપકશ્રીઓએ  સેવા આપી હતી.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં રાષ્ટ્રિય ગ્રંથાલય સપ્તાહની ઉજવણીના પરિપ્રેક્ષ્યમાં લાયબ્રેરી કમિટિના ઉપક્રમે તા. ૨૦/૧૧/૧૪ના રોજ કોલેજની લાયબ્રેરીમાં પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

## સ્પર્ધા

શ્રી વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત સંચાલિત શ્રી એસ.આર.પટેલ બી.એડ્. કોલેજ,સુરતના તાલીમાર્થીઓએ વિદ્યાકુંજ સંકુલનાં આંગણે બી.બી.એ., બી.એડ્. પ્રિ.પી.ટી.સી. તથા પી.ટી.સી.ની સંયુકત ગરબા સ્પર્ધામાં ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં બી.એડ્. કોલેજની તાલીમાર્થી જાદવ રાજપ્રિયા ડ્રેસ પહેરવેશમાં પ્રથમ ક્રમે જ્યારે ડોઢીયા એકસનમાં રાઠોડ દિપાવલી બીજા ક્રમે આવ્યા હતા.

બારડોલી તાલુકાનો યોજાયેલ ૪૦માં યુવક મહોત્સવમાં બી.જે.પટેલ બી.એડ્ અને એમ.એડ્. કોલેજના કુલ ૪૯ તાલીમાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં ગીટાર વાદનમાં ગામિત ઉમેશભાઈ પ્રથમ ક્રમે, કાવ્ય લેખનમાં રાવલ રૂચાબેન દ્વિતીય ક્રમે, હાર્મોનિયમ વાદનમાં ઢોડિયા અંકિતભાઈ તૃતીય ક્રમે તથા ભરતનાટ્યમ્માં એમ.એડ્.ના તાલીમાર્થી પાટડિયા હેમાદ્રીબેને તૃતીય ક્રમે વિજેતા સ્ત્રી કોલેજનું ગૌરવ વધાર્યું છે. ૧૪મી સપ્ટેમ્બર હિન્દી દિવસ હોવાથી આ નિમિત્તે તાલીમાર્થીઓને હિન્દીનું મહત્વ સમજાય અને રાષ્ટ્રભાષા પ્રત્યે જાગૃતતા આવે તે હેતુથી ઉત્સાહપૂર્વક ઉજવણી કરવમાં આવી હતી. હિન્દીના અધ્યાપક કનુભાઈ સ્વાગીયોએ હિન્દી ભાષા વિશે પ્રાસંગિક વાતો કરી હતી. મોટા ભાગના તાલીમાર્થીઓએ વિવિધ કૃતિઓ જેવીકે ભજન, સુવિચાર, હિન્દીમાં વકતવ્ય, કાવ્ય ગાન, કબીરના દોહા, એકપાત્રીય અભિનય, જોકસ, નાટક, વગેરે રજૂ કર્યા હતા.

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મોટાપોઢામાં જ્ઞાનધારા અને ચર્ચાસભા સમિતિનાં ઉપક્રમે "જીવનના ઘડતરમાં પુસ્તકોનું મહત્વ" વિષય પર વકૃતત્વ સ્ર્પધાનું આયોજન કરવામાં આવ્યું. પ્રારંભમાં ઈન્ચાર્જ આચાયશ્રી આર. એલ. પટેલે પ્રાસંગિક પ્રવચન આપી વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. વકૃતત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે કુ. સરસ્વતી એસ. પટેલ, બીજા  ક્રમે કુ. ડિમ્પલ ટી. આહિર અને તૃતીયક્રમે કુ. ચેતના આર. રોહિત વિજેતા થયા હતાં. નિણાર્યક તરીકે હિન્દી વિભાગમાં અધ્યક્ષ ડૉ. એસ. યુ. પટેલ અને ગુજરાતી વિભાગના ડૉ. આશા કે. ગોહિલે સેવા આપી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. એ.જે.ઠાકોર તથા આભારવિધિ સમિતિનાં ચેરમેન પ્રા. એચ.જે.પટેલે કરી હતી.

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડમાં સાક્ષરતા દિનની ઉજવણીના સંદર્ભમાં તા.૮/૯/૧૪ રોજ 'સાક્ષરતા' સંદર્ભમાં સ્લોગન લેખન સ્પર્ધા યોજાય હતી. નિર્ણાયક તરીકે શ્રીમતી ભાવનાબેન પટેલ, શિક્ષિકા રોણવેલ પ્રાથમિક શાળાએ સેવા આપી હતી. આ સ્પર્ધામાં શ્રી ભોયે પ્રભુદાસ પ્રથમ ક્રમે, કુ.મેઘા ગોરડ અને કુ.મોહિની ગાવિત દ્વિતીય ક્રમે તથા શ્રી વિષ્ણુ ઘટકા તૃતીય ક્રમે વિજેતા થયા હતા. કાર્યક્રમનું સંચાલન ડૉ. દક્ષા ઠાકોરે કર્યું હતું. તા. ૧૫/૯/૧૪ થી ૨૦/૯/૧૪ દરમ્યાન વુમન ડેવલપમેન્ટ સેલના ઉપક્રમે રંગોળીના વર્ગો યોજવામાં આવ્યા હતા. જેમાં કુ.અંજલિ દરજીએ સેવા આપી હતી. કાર્યક્રમનું સંચાલન અને વ્યવસ્થા સેલના કન્વીનર પ્રા. ડૉ. દક્ષા ઠાકોરે સંભાળી હતી. વર્ગોના અંતે યોજાયેલ સ્પર્ધામાં કુ. મોનાલી રાઠોડ પ્રથમ ક્રમે, કુ. વૈશાલી નોઢા અને કુ. રીંજલ ચૌહાણ દ્વિતીય ક્રમે તથા કુ. ક્રિષ્ના કદમ અને કુ. મોહિની ગાંવિત તૃતીય ક્રમે વિજેતા થયા હતા. કુ. ફાલ્ગુની પટેલ જે.સી.આઈ. વલસાડ આયોજીત ભજનગીત સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા જાહેર થઈ હતી. કુ. ફાલ્ગુનીને માર્ગદર્શન અને પ્રોત્સાહન ગીત સંગીત નૃત્યધારા કન્વીનર ડૉ. દક્ષા ઠાકોરે પૂરા પાડયા હતા. વિદ્યાર્થી સંઘની ડિબેટ કમિટી દ્વારા દર વર્ષે આયોજીત સ્વ. ચંચળબેન આશાભાઈ રાય મેમોરિયલ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ માટે એક ભારત અનન્ય ભારત, યુવા શકિત એ જ રાષ્ટ્રશકિત છે અને ટી.વી. સિરીયલોમાં સ્ત્રીઓની ભૂમિકા જેવા વિષયો આપવામાં આવ્યા હતા. આ સ્પર્ધાને ખુલ્લી મૂકતાં પ્રિ. ડૉ. જે. એમ. નાયકે વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ માટે આવી સ્પર્ધાઓ ઉપયોગી હોવાનું જણાવી સ્પર્ધાઓ દ્વારા દરેક તબકકે વિદ્યાર્થીઓનાં સર્વાંગી વિકાસ સાધે છે એમ જણાવ્યું હતુ. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે રાણવેલ હાઈસ્કુલના શિક્ષકો શ્રી વિજયભાઈ પટેલ, શ્રી મુકેશભાઈ પટેલ અને આર. જે. જે. હાઈસ્કુલના શ્રી શૈલેષભાઈએ સેવા આપી હતી. કુ. કલ્યાણી અશોકભાઈ પ્રથમ ક્રમે, કુ. મયુરી મિસ્ત્રી દ્વિતીય ક્રમે તથા કુ. શુભેચ્છા વડનેરે તૃતીય ક્રમે વિજેતા થયા હતા. કાર્યક્રમનું સંચાલન કુ.મયુરી મિસ્ત્રીએ તથા સ્પર્ધાનું સંચાલન પ્રા.કે.સી.પટેલ તથા પ્રા. મુકેશ ચૌહાણે કર્યુ હતું. સર કે.પી.કોલેજ ઓફ કોમર્સ, સુરત ખાતે યોજાયેલ આંતર કોલેજ વક્તૃત્વ સ્પર્ધામાં વલસાડની શાહ એન.એચ.કોમર્સ કોલેજના શ્રી વિતાન વોરાએ 'મોદી સરકારના ૧૦૦ દિવસનું મૂલ્યાંકન' વિષય ઉપર પોતાના મંતવ્યો રજૂ કરીને બીજો ક્રમ મેળવ્યો હતો. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ હેન્ડબોલ (ભાઈઓ) ની સ્પર્ધા શાહ એન.એચ.કોલજ, વલસાડના ગ્રાઉન્ડ પર તા.૧૩-૧૪/૧૦/૧૪ના રોજ યોજાઈ હતી. આ સ્પર્ધાના ઉદ્‌ઘાટન સમારોહમાં યુનિવર્સિટીના બોર્ડ ઓફ સ્પોર્ટસ ચેરમેન પ્રા. કિરીટસિંહના મુખ્ય મહેમાનપદે અને દોલત ઉષા ઈન્સ્ટીટયુટના ડાયરેકટરશ્રી ડૉ. પંકજભાઈ દેસાઈ અતિથિ વિશેષપદે ઉપસ્થિત રહયા હતા. પ્રિ. ડૉ. પંકજભાઈએ પ્રષંગોચિત ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે જીવનમાં ખેલદિલીવાળા માણસોને જ યાદ કરવામાં આવે છે. વિદ્યાર્થી જીવનમાં રમતગમતને પણ શારીરિક સ્વાસ્થય જાળવવા મહત્વ આપવું જોઈએ મુખ્ય મહેમાનપદેથી ડૉ. વાસદિયાએ જણાવ્યું હતું કે જ્ઞાનને પચાવવા માટે સારૂં સ્વાસ્થય હોવું જરૂરી છે. પ્રિ.ડૉ.જે.એમ.નાયકે વિદ્યાર્થીઓને રમતગમત દ્વારા શારીરિક સ્વાસ્થયની જાળવણી સાથે સાથે માનસિક સ્વાસ્થય જાળવવા સારા પુસ્તકોના વાચન માટે અનુરોધ કર્યો હતો. ઈનામ વિતરણ સમારોહ યુનિવર્સિટીના યુથ વેલ્ફોર બોર્ડના ડાયરેકટર ડેવિડ પોલની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ સ્પર્ધામાં ડી.આર.બી.કોમર્સ કોલેજ, સુરત ચેમ્પિયન અને જે.ડી.ગાબાણી કોમર્સ કોલેજ વરાછા સુરત રનર્સઅપ થઈ હતી. ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી પ્રા. મુકેશભાઈ પટેલે સૌનો આભાર માન્યો હતો. સાથે જ આંતર યુનિવર્સિટી ટીમની પસંદગી પણ રાખવામાં આવી હતી. તા. ૧૮/૧૦/૧૪ના રોજ સંસ્કાર કેન્દ્ર હોલમાં ગીત સંગીત નૃત્યધારાના ઉપક્રમે શેરગરબા સ્પર્ધા

યોજાવામાં આવી હતી. કન્વીનર ડૉ. દક્ષા ઠાકોરના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓની અગિયાર ટીમોએ બહુ ટૂંકી નોટિસમાં પણ પોતાનાથી થતા બધા જ પ્રયત્નોથી આ ગરબાઓ રજૂ કરવાનો પ્રયત્ન કર્યો હતો. બધા જ વર્ગના નવા સી. આર., એલ.આર., જી.એસ. તથા વીઝીટીંગ અધ્યાપક યામિનિબેન ટંડેલે સરસ રીતે પૂરક કામગીરી સંભાળી હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રીમતિ ખ્યાતિબેન ઉપાધ્યાયે અને શ્રી વિવેક દેસાઈએ સેવા પૂરી પાડી હતી. આ સ્પર્ધામાં એફ.વાય.બી. કોમ 'ડી' વર્ગની ટીમ પ્રથમ ક્રમે, એમ.કોમ.ની ટીમ દ્વિતીય ક્રમે, અને એન.એસ.એસ. ની ટીમ તૃતીય ક્રમે તથા એફ.વાય.બી.કોમ. 'બી' ડિવિઝનની ટીમ આશ્વાસન ઈનામે વિજેતા જાહેર થઈ હતી.

વી.એસ.પટેલ કોલેજ, બીલીમોરાના આંકડાશાસ્ત્રના હેડ ઓફ થી ડિપાર્ટમેન્ટ અને ઈન્ટરનેશનલ ખેલાડી પ્રા. મોહનભાઈ પટેલ જામનગર મુકામે યોજાયેલ રાજ્યકક્ષાની ગુજરાત વેટરેન એથ્લેટીક ચેમ્પિયનશીપ ટુનામેન્ટમાં ૧) ૫ કિ.મી જલદચાલ - પ્રથમ ક્રમ, ૨) ૮૦૦ મી.રન માં પ્રથમ ક્રમ, ૩) ૧૫૦૦ મી.રનમાં પ્રથમ ક્રમે આવી ઓલઈન્ડીયા માટે પસંદગી પામેલ છે, અભિનંદન તદપરાંત ગાવિત શાંતિલાલ ક્રોસ-કન્ટ્રી ટૂર્નામેન્ટ જેમાં ૧૨.૫ કિ.મી. દોડવામાં યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામી ઓલઈન્ડિયા રમવા માટે કેરાલા જઈ આવ્યા છે.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની હેન્ડબોલ બહેનોની પસંદગી નવયુગ સાયન્સ કોલેજ, સુરતના મેદાનમાં યોજાઈ હતી. જેમાં નવયુગ સાયન્સ કોલેજ, સુરતની વિહ્રાણી ઋતા જે. અને પ્રજાપતિ સ્નેહા બી. યુનિવર્સિટીની હેન્ડબોલ બહેનોની ટીમમાં પસંદગી પામ્યા હતા. વેસ્ટ ઝોન આંતર યુનિવર્સિટી હેન્ડબોલ (બહેનો)ની સ્પર્ધા આર.ટી.એમ. યુનિવર્સિટી નાગપુર મુકામે યોજાઈ હતી. જેમાં તેઓએ યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરી કૉલેજનું ગૌરવ વધાર્યું હતું.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ચેસ ટીમની પસંદગી રોફેલ આર્ટસ-કોમર્સ કોલેજ, વાપીમાં યોજાઈ હતી. જેમાં નવયુગ સાયન્સ કોલેજ, સુરતના જીજ્ઞેશ કે. યુનિવર્સિટીની ચેસ ટીમમાં પસંદગી પામ્યા હતા. વેસ્ટ ઝોન આંતર યુનિવર્સિટી ચેસની સ્પર્ધા સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી, ગાંધીનગર મુકામે યોજાઈ હતી. જેમાં તેઓએ યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ કરી કોલેજનું ગૌરવ વધાર્યું હતું.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આયોજીત ક્રિકેટ ટીમ ભાઈઓની પસંદગીનું આયોજન તા.૧૨ થી ૧૭ ઓકટોબર દરમિયાન સુરત મુકામે કરવામાં આવ્યું હતું. એ. વી. પટેલ કોમર્સ કોલેજ બીલીમોરાના ૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ગાંધી ચિંતલ એચ. યુનિવર્સિટી ક્રિકેટ ટીમમાં પસંદગી પામેલ છે.

સ્વામી નારાયણ બી.એડ્. કોલેજ, અંકલેશ્વરમાં યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં વાત્સલ્ય, કુદરતી દ્રશ્ય, બેટી બચાઓ વ્યસન મુકિત અને પર્યાવરણ બચાવો વિષયો અંતર્ગત તાલીમાર્થીઓએ ચિત્રો રજૂ કર્યા હતા. જેમાં પ્રથમ ક્રમે પરમાર હીનાબેન, દ્વિતીય ક્રમે વસાવા ટીનાબેન, તૃતીય ક્રમે પરમાર ધર્મિષ્ઠાબેન રહયા હતા. વાર્તા લેખન સ્પર્ધામાં પ્રથમ ક્રમે રાઠોડ પ્રિતીબેન, દ્વિતીય ક્રમે વસાવા કીર્તીબેન, તૃતીય ક્રમે પટેલ દિપલબેન રહયા હતા. કાવ્ય લેખનમાં પ્રથમ ક્રમે મકવાણા નિલેશભાઈ, દ્વિતીય ક્રમે પ્રજાપતિ નિકીબેન, તૃતીય ક્રમે કાકૂ જીગીશાબેન રહયા હતા.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આયોજીત રાઈફલ શૂટીંગ આંતર કોલેજ સ્પર્ધાનું આયોજન કે.પી.ઈવનિંગ કોમર્સ કોલેજ સુરત મુકામે થયું હતું. કુલ ૨૬ કોલેજના ૧૫૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના ચાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં જયસ્વાલ શિવ એમ. ગોલ્ડ મેડલ, સોલા કિરણ આર. એ સિલ્વર મેડલ, બેડખડે વિશાલ આર. એ ટીમને ચેમ્પિયન બનાવવામાં મહત્વનું યોગદાન આપ્યું હતું. આ ઉપરાંત મેમણ સાહિલ ટી. એ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યુ હતું. કુલ ૬૦૦ માંથી ૪૪૧ પોઈન્ટ મેળવીને કોલેજે ચેમ્પિયનશીપ મેળવી હતી. બે ખેલાડીઓની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની રાઈફલ શૂટીંગ ટીમમાં પસંદગી થઈ હતી.



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ રાઈફલ શૂટીંગ અને પિસ્તોલ શુટીંગ સ્પર્ધા કેપી કોમર્સ કોલેજમાં થઈ હતી. જેમાં વી.એસ.પટેલ કોલેજની રાઈફલ શુટીંગ બહેનો અને પિસ્તોલ શુટીંગ ભાઈઓ/બહેનો ટીમો રનર્સ અપ બની છે. રર્નસઅપ ટીમો : ૧) દેશમુખ નિરાલી આર., ૨) પટેલ વૈશાલી એસ., ૩) પટેલ પ્રિયંકા એ., પિસ્તોલ શુટીંગ (ભાઈઓ) : પ્રજાપતિ રમેશ એમ., ૨) પટેલ મેહુલ એમ., ૩) કનોજીયા સંજય એસ., પિસ્તોલ શુટીંગ (બહેનો) : ૧) પટેલ અર્ચના એસ., ૨) પટેલ રાખી આર., ૩) પટેલ વિભુતી જે. આ ટીમમાંથી ચાર ખેલાડીઓ ઓલ ઈન્ડિયા માટે પંસદગી પામ્યાં જેમાં રાઈફલ શુટીંગમાં પટેલ અંકિત એમ. પટેલ, દેશમુખ નિરાલી આર. અને પિસ્તોલ શુટીંગમાં પ્રજાપતિ રમેશ એમ. અને પટેલ મેહુલ એમ. પિસ્તોલ શુટીંગમાં પ્રજાપતિ રમેશ એમ. યુનિવર્સીટીમાં ઈન્ડીવ્યુઝીઈલ ચેમ્પીયન બન્યા છે.

તા. ૨૧/,૨૨/૯/૧૪ના રોજ ઈવનીંગ કોમર્સ કોલેજ, સુરત ખાતે યોજાયેલ યુનિ આંતર કોલેજ રાઈફલ અને બહેનો સ્પર્ધામાં કુલ

૩૫૦ જેટલા શુટરોએ ભાગ લીધો હતો જેમાં ઈવનીંગ કોલેજ કુલ ચાર કેટેગરી જેમકે રાઈફલ શુટીંગ બહેનો પિસ્તોલ શુટીંગભાઈઓ અને બહેનોમાં ચેમ્પિયન અને રાઈફલ શુટીંગ (ભાઈમાં) રનર્સઅપ થયા હતા. આ ઉપરાંત ઈન્ડીવિઝયુલ ઈવેન્ટમાં રાઈફરલ શુટીંગ બહેનોમાં દિવ્યા ચાહવાલાએ ગોલ્ડ મેડલ અને રાજશ્રી જોષી એ સિલ્વર મેડલ મેળ્યો હતો. પિસ્તોલ શુટીંગમાં રાજપૂત અક્ષય એ સિલ્વર મેડલ અને ખેરડીયા હરદીપ અને ગારીયા ચાંદનીએ બ્રોંઝ મેડલ મેળવ્યો હતો. આ ઉપરાંત ચેમ્પિયનશીપ મેળવવા માટે અન્ય ખેલાડીઓ જેમ કે ધોલાવાલા ઉન્નતી પોલેકર આયુષી રાજપુત અંજના જૈન ધર્મિચંદ ટંડેલ કૌશલ બહદુર વિક્રમ કપાસિયાવાલા જેનીલ સૌરવ બુલાની આ તમામ ખેલાડીઓએ સિદ્ધી અપાવવામાં મહત્વનો ફાળો ભજવ્યો હતો. ટીમને કોચિંગ શ્રી ઉમેશભાઈ ચેવલીએ આપ્યું હતું તેમજ હીરેન ભાઈ પટેલ અને પ્રા. જીગ્નેશ ટંડેલે સહકાર આપ્યો હતો.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્. સુરતમાં દિવાળીના પર્વ નિમિત્તે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રંગોળી સ્પર્ધામાં પ્રથમ ક્રમ પટેલ હિરલ એસ. દ્વિતીય ક્રમે પટેલ સોનલ જે. અને કાર્ડ મેકિંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પારેખ પૂજા એ., દ્વિતીય ક્રમે પંચાલ ચૈતાલી એન. તેમજ દીપ ડેકોરેશન સ્પર્ધામાં પ્રથમ ક્રમે પટેલ ઉર્વશી જે., દ્વિતીય ક્રમે પટેલ નિશા ડી. એ પ્રાપ્ત કર્યો હતો. આ તમામ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. પારૂલબેન નાયક, પ્રા. ડૉ. પત્રલેખાબેન બારડ, પ્રા. વલ્લભભાઈ ઠંઠ, ડૉ મિનાક્ષીબેન જરીવાલા પ્રા. વિશ્વાબેન દેસાઈ, પ્રા. પ્રીતિબેન પટેલ હતા.

ખેલ-મહાકુંભ ૨૦૧૪ જીલ્લાકક્ષાની વોલીબોલ સ્પર્ધા તા.૯/૧૦/૧૪નાં રોજ સ્પોર્ટસ મજૂરાગેટ મુકામે યોજાઈ હતી. જેમાં વાડિયા કોલેજની ટીમે ભાગ લીધો હતો અને ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો તેમજ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે ચાર ખેલાડી બહેનોની પસંદગી થઈ છે. ૧) મેરૂલિયા નિરાલી, ૨) સુતરીયા હિતિક્ષા, ૩) પટેલ ભૂમિકા, ૪) દેસાઈ દિવ્યા. તદપરાંત સુરત જીલ્લની ખેલકૂદ રમતોત્સ્વમાં વિજેતા ઝેડ.એફ.વાડિયા વિમેન્સ કોલેજ એન્ડ એન.કે.જહોટા કોલેજ ઓફ કોમર્સ, સુરતની વિદ્યાર્થિની કુ.વાલગુડે આયેશા એકનાથભાઈએ ૪૫ કિ.ગ્રા.ની કુસ્તીની સ્પર્ધામાં અને કુ કથીરિયા દિવ્યા ગણપતભાઈએ ૪૯ કિ.ગ્રા.ની સુરત જીલ્લાની ખેલકૂદ સ્પર્ધાની કુસ્તીમાં પ્રથમક્રમે વિજેતા બની. રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે તથા કુ. ખૂટ સુવિધા મુકેશભાઈએ ૪૫ કિ.ગ્રા.ની કુસ્તી સ્પર્ધામાં અને કુ. કવૈયા નિરાલી અરવીનભાઈએ ૪૯ કિ.ગ્રા.ની કુસ્તીની સ્પર્ધામાં દ્વિતીય ક્રમે વિજેતા બની છે.

બી.કે.એમ.સાયન્સ કોલેજ વલસાડમાં સપ્તધારા અંતર્ગત સર્જનાત્મક અભિવ્યકિત ધારાના ઉપક્રમે કાવ્યપઠન સ્પર્ધાનું આયોજન થયુ. સ્પર્ધામાં પ્રથમ ક્રમે જીનલ કે. પટેલ, દ્વિતીય ક્રમે ઉર્વી લાડ, તૃતીય ક્રમે મીસબાહ ફાટીવાલા રહયા હતા. પ્રો. અનીલભાઈ ગોયેલે સ્પર્ધાનુ આયોજન કર્યુ હતું. તમામ વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ અને મોમેન્ટો એનાયત થયા હતા.

## મુલાકાત

ઉધના સીટીઝન કોમર્સ કોલેજનાં વિદ્યાર્થીઓ તેમજ કોમર્સ અને બેકિંગ વિભાગની ફેકલ્ટીએ સુરત પીપલ્સ બેંકની મુલાકાત લઈ અત્યાધુનિક ચેક ટ્રંકેશન સીસ્ટમ વિષે વિસ્તૃત માહિતી મેળવી ઉધના કોલેજે તેની સફળ મુલાકાત ગોઠવી CTS ની સંપૂર્ણ પ્રત્યક્ષ માહિતી, બે બેચમાં સંપન્ન કરી. ટ્રંકેશન પધ્ધતિમાં ઈન્વર્ડ આઉટવર્ડ કિલયરીંગ જે હાલમાં કાર્યરત છે, સેમ ડે કિલયરીંગ પધ્ધતિ વિષે વિદ્યાર્થીઓને ઉમદા જ્ઞાન પ્રાપ્ત થયું. મેનેજર શ્રી સરૈયાનાં સહકાર અને વિભાગીય વડા, શ્રી બલેશ્વરીયાનાં માર્ગદર્શન હેઠળ આ મુલાકાતનું સંપૂર્ણ સંચાલન પ્રા.પર્લ અદી ખરાસે એ કર્યુ હતું.

## સેમિનાર




બી.કે.એમ.સાયન્સ કોલેજ વલસાડ ખાતે યુ.જી.સી. અનુદાનીત રાજયકક્ષાનો અધ્યાપક સજજતા અને વહિવટી તાલીમ સેમિનાર યોજાયો. સેમિનારના ઉદઘાટન કાર્યક્રમમાં જીનચંદ્ર મહારાજે જણાવ્યું કે શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે વાત્સલ્યનો ભાવ હોવો જોઈએ. સેમિનારના કીનોટ સ્પીકર શ્રી પ્રેમશારદાએ સ્કીલ ડેવલપમેન્ટ ઉપર ભાર મુકયો હતો. આચાર્યશ્રી ડૉ. વિકાસ દેસાઈએ જણાવ્યું હતું કે એકવીસમી સદીમાં જે વ્યકિત પાસે જ્ઞાન હશે તે પ્રગતિ કરશે. ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડૉ.ટી.જી. ગોહીલે જણાવ્યું કે વિદ્યાર્થી ને શ્રેષ્ઠ શિક્ષણ આપવા અધ્યાપકોએ સજજ થવું પડશે. સેમિનારમાં શ્રી મહાદેવભાઈ દેસાઈએ અધ્યાપક કાબેલીયતતા વિષય ઉપર, શ્રી રમેશભાઈ કોઠારીએ રિસર્ચ અને મેથોડોલોજી વિષય ઉપર શ્રી પ્રથમેશભાઈ વ્યાસે ઈનફોરમેશન ટેકનોલોજીનો શિક્ષણમાં ઉપયોગ તથા શ્રી સુનિલભાઈ મરજાદીએ સહઅભ્યાસ, અભ્યાસેતર પ્રવૃતિઓ ફરજના ભાગ રૂપે વિષય ઉપર પ્રવચન આવ્યાં હતાં. વહીવટી કર્મચારી તાલીમ સેમિનારમાં શ્રી ધર્મવીર ગુર્જરે માનવ સંસાધનોનો મહતમ ઉપયોગ, શ્રી વિજયભાઈ જોષીએ વર્ક એન્ડ ઓફિસ મેનેજમેન્ટ શ્રી અશોકસિંહ સોલંકીએ ઓફિસ ઓટોમેશન ટુલ તથા શ્રી મનીષભાઈ દોડીયાએ ઓફીસ કામમાં કોમ્પ્યુટરનો વ્યવહારિક ઉપયોગ વિષય પર વ્યાખ્યાન આપ્યાં હતાં. સેમિનારમાં રાજયની વિવિધ યુનિવર્સિટી તથા કોલેજના ૨૫૮ પ્રાધ્યાપકો અને વહીવટી કર્મચારીઓએ ભાગ લીધો હતો. સેમિનારને અંતે તમામ ભાગ લેનારને સર્ટીફિકેટ આપવામાં આવ્યા હતા.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫માં જહાંગીરપુરા પોલીસ સ્ટેશનનાં પી.એસ.આઈ શ્રી કે.બી. સંખલાના નેતૃત્વ હેઠળ ટ્રાફિક જનજાગૃતિ સેમિનારનું આયોજન થયું હતું. કાર્યક્રમની શરૂઆતમાં ઈ.આચાર્યશ્રી ડૉ. દિલીપભાઈ પટેલે ઉપસ્થિત મહેમાનોનું શબ્દિક સ્વાગત કર્યુ હતું. એપી.એસ.આઈ શ્રી કે.બી.સંખલાએ કાર્યકમના ભાગરૂપે તાલીમાર્થીઓને ટ્રાફિકના નિયમોના પાલન અંતર્ગત સી.ડી. બતાવી હતી. અંતે ઈ.આચાર્યશ્રી ડૉ. દિલીપભાઈ પટેલે ટ્રાફિકના નિયમોના પાલન અંતર્ગત તાલીમાર્થીઓ પાસે સંકલ્પ લેવડાવ્યો હતો.

## વ્યાખ્યાન

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં સ્ટુડન્ટ્સ કાઉન્સિલની પ્લાનીંગ ફોરમ કમિટીના ઉપક્રમે શેઠ સી. ડી બરફીવાલા કોમર્સ કોલેજ સુરતના ડૉ. પારૂલબેન શાહનું “ફાઈનાન્સિયલ પ્લનીંગ” વિષય પર ટી.વાય. બી.કોમના વિદ્યાર્થીઓ માટે પ્રવચન યોજાયું હતું. પ્રવચન બાદ વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોતરી થઈ હતી. પ્લાનીંગ ફોરમ કમિટિના અધ્યક્ષ પ્રા. વાય. જે. દેસાઈએ ડૉ. રૂપાબેન શાહને આવકાર આપ્યો હતો તેમજ સ્મૃતિભેટ અર્પણ કરી હતી.

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરાનાં વર્ષ ૧૯૮૪-૮૫ ના તાલીમાર્થી અને હાલના સર્વકાલીન સપ્તાહિકનાં તંત્રી અને પ્રસિધ્ધ પત્રકાર શ્રી ગૌતમભાઈ મહેતાએ તેમનાં બી. એડ્. ના વર્ષ દરમ્યાન યશસ્વી રીતે સંપન્ન કરેલ "તાપી પરિક્રમા" વિશે મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયકે મહેમાનશ્રીનું પુષ્પાભિવાદન કરી બહુમુખી પ્રતિભા ધરાવતા શિક્ષકોને શાળા ઉપર સર્જાતી અસર શ્રી ગૌતમભાઈનાં સંદર્ભે રજુ કરી હતી. વિદ્યાકુંજ, નવસારી પ્રાયમરી સ્કુલના નિવૃત આચાર્ય એવા શ્રી ગૌતમભાઈએ સાહિત્યિક સ્પર્શ સાથેનાં એમનાં સ્પર્શી જાય એવા વકત્તવ્યમાં બંને લોકમાતાઓ તાપી-નર્મદાની આસપાસ તે સમયે પાંગરેલી સંસ્કૃતિ, આધ્યાતમિકતા, લોકજીવન અને ભીંજવી દે ઓવા પ્રસંગો વર્ણવીને સહુ તાલીમાર્થીઓને ભાવવિભોર બનાવી દીધા હતાં. જી.એસ.શ્રી દિપકભાઈ પટેલે ઋણ સ્વીકાર કર્યો હતો.

## પુસ્તક

એ.વી.પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે લાયબ્રેરીમાં "મને ગમતું પુસ્તક વાર્તાલાપ" યોજવામાં આવ્યો હતો. જેમાં કોલેજના ત્રણ વિદ્યાર્થીઓએ તેમને ગમતા પુસ્તક પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. પ્રા. શ્રી વાય. જે. દેસાઈએ ઝવેરચંદ મેઘાણીના "યુગવંદના" પુસ્તક પર વિચારો રજૂ કરી કાવ્યોનું મહત્વ સમજાવ્યું હતું અને જરૂરી સૂચનો કર્યા હતા.

શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડની લાયબ્રેરી સમિતિના ઉપક્રમે પુસ્તક પરિચય કાર્યક્રમ હારમાળા અંતર્ગત તા. ૧૮/૧૦/૧૪ ના રોજ યોજાયેલ ઓગણત્રીસમા મણકાના પ્રસંગે આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મોટાપોઢાના અધ્યાપિકા ડૉ. જયશ્રીબેન સોલંકી દ્વારા શ્રી ભગવતીકુમાર શર્મા લિખિત પુસ્તક "માંગલ્ય કથાઓ" થી શ્રોતાઓને પરિચિત કરાવવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં આચાર્યશ્રી ડૉ.જે.એમ. નાયકે પુસ્તકપુષ્પથી વકતાને આવકાર્યા હતા. પુસ્તક પરિચયને અંતે શ્રોતાઓ દ્વારા પૂછાયેલા પ્રશ્નોના વકતા દ્વારા સંતોષકારક ઉત્તરો આપવામાં આવ્યા હતા. લાયબ્રેરી સમિતિના અધ્યક્ષ પ્રા. કે. આર. ભાવસારે આભારવિધિ આટોપી હતી.

## વિદ્યાર્થી પરિષદ

તા. ૧૫/૧૦/૧૪ના રોજ ઉધના કોલેજ ખાતે Student Council (વિદ્યાર્થી પરીષદ) ની ચૂંટણી યોજવામાં આવી હતી. કોલેજના જનરલ સેક્રેટરી તરીકે એફ.વાય.બી.કોમ નાં વિદ્યાર્થી જીન્દલ વિનય ત્રિલોકીભુષણ ચૂંટાયેલા જાહેર થયા હતા.

નવયુગ સાયન્સ કોલેજ, સુરતમાં તા.૧૫/૧૦/૧૪ના રોજ આઠ વર્ગ ચુંટણી થઈ તેમાં એક સી. આર. ની ચૂંટણી થઈ અને બીજા બધા બિનહરીફ ચૂંટાયા હતા. ત્યારબાદ સ્ટુડન્ટ કાઉન્સિલની રચના કરવામાં આવી જેમાં જી.એસ. તરીકે શ્રી હિરપરા પિયુષ જે. સર્વાનુમતે બિનહરીફ ચૂટાઈ આવ્યા હતા.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્.,સુરતમાં ઈ.આ.ડૉ.દિલીપભાઈ પટેલના અધ્યક્ષપણા હેઠળ લોકશાહી ઢબે ચૂંટણી કરવામાં આવી હતી અને વિવિધ કમિટીની રચના કરવામાં આવી હતી. જેમાં જી.એસ. તરીકે પટેલ નિકુંજ સી., સી.આર.તરીકે પંચોલી ચૈતાલી એન. અને એલ.આર તરીકે બિનહરીફ સોજીત્રા મોનિકા બી. વિજેતા જાહેર થયા હતા. ઉપરાંત પ્રાર્થના કમિટીમાં મંત્રી પારેખ પૂજા જે., સહમંત્રી પટેલ ધર્મેશ વી., સાંસ્કૃતિ કમિટીમાં મંત્રી પંચોલી ચૈતાલી એન., સહમંત્રી : પરમાર ધર્મિષ્ઠા એન., મેગેઝીન કમિટીમાં મંત્રી મલેક સાજિદા એમ., સહમંત્રી પટેલ નીશા ડી., બુલેટીન બોર્ડ કમિટીમાં મંત્રી બેલીમ ફેઈઝા એ., સહમંત્રી સોમૈયા કૃતિકા એ., સાહિત્યિક કમિટીમાં મંત્રી શેખ રમિઝા એમ., સહમંત્રી સોલંકી ક્રિષ્ના આર., પ્રવાસ કમિટીમાં મંત્રી પટેલ નિકુંજ સી., સહમંત્રી પ્રજાપતિ જયેશ એમ., જીમખાના કમિટીમાં મંત્રી પટેલ ઉર્વશી જે., સહમંત્રી પટેલ કલ્પેશ સી., કેમ્પસ ડેવલપમેન્ટ કમિટીમાં મંત્રી પટેલ પ્રિતેશ આર., સહમંત્રી પટેલ ભાવના આર., સ્કાઉટ કમિટીમાં મંત્રી પટેલ ધર્મેશ વી., સહમંત્રી પટેલ ધમેન્દ્ર યુ., ગ્રંથાલય કમિટીમાં મંત્રી નલિયાપરા રિન્કુ જે., સહમંત્રી ઘેલાણી સ્નેહલ જી. ની નિમણૂંક થઈ.

શાહ એન.એચ.કોમર્સ કોલજ, વલસાડના ઈતિહાસમાં સૌ પ્રથમ વખત કુલ છવ્વીસ બેઠકો પર સીઆર અને એલઆર બિનહરીફ ચૂંટણી વિના વિજેતા જાહેર થયા હતા. એટલું જ નહીં કોલેજના જનરલ સેક્રેટરી અને વિવિધ કમિટિઓના સેક્રેટરીઓ પણ બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. જનરલ સેક્રેટરી તરીકે શ્રી અંકિત પટેલ, સાંસ્કૃતિક સમિતિના સેક્રેટરી તરીકે શ્રી પ્રવિણ સોની, જીમખાના સેક્રેટરી તરીકે શ્રી આદિત્ય શુકલા. મેગેઝીન સમિતિના સેક્રેટરી તરીકે કુ. સુરભિ પરમાર, સાહિત્યકવાદ્ સમિતિના સેક્રેટરી તરીકે કુ.નૂરેન જટ, નાણાં અને વિદ્યાર્થી કલ્યાણ સમિતિના સેક્રેટરી તરીકે કુ. જાગૃતિ ચૌહાણ તથા શૈક્ષણિક પ્રવાસ સમિતિના સેક્રેટરી તરીકે શ્રી દિવ્યેશ જૈન બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. આચાર્યશ્રી અને સ્ટુન્ટસ કાઉન્સિલના પ્રમુખ પ્રિ. ડૉ. જે. એમ. નાયકે વિદ્યાર્થીઓની જબરદસ્ત એકતા માટે અભિનંદન પાઠવ્યા હતા. વિદ્યાર્થીસંઘના ઉપપ્રમુખ પ્રા.ટી.જી.પટેલે શપથ લેવડાવીને સભાનું સંચાલન કર્યુ હતું.

શ્રી ઈ.ખો.ચાવડા ગ્રામ વિદ્યાપીઠ કહાનવાડીમાં તા. ૧૩/૧૦/૧૪ના રોજ વિદ્યાર્થી યુનિયનની ચૂંટણી યોજાઈ તેમાં શ્રી જાદવ નરેશભાઈ ભારતભાઈ, સી.આર તરીકે શ્રી બાબુભાઈ શંકરભાઈ પરમાર ચૂંટાઈ આવ્યા હતા. જ્યારે એસ. વાય. બી. આર. એસ.ના સી.આર અનુક્રમે જાદવ ઠાકોરસિંહ વિજયસિંહ અને સોલંકી સંદિપકુમાર અંબાલાલ બિન હરીફ ચૂંટાયેલ જાહેર થયા હતા. આચાર્યશ્રી અને સમગ્ર સ્ટાફે ચૂંટણી પ્રક્રિયાની જવાબદારી સંભાળી હતી. સમગ્ર ચુંટણીનું આયોજન એન.એસ.એસ. પ્રો ઓફિસર શ્રી અશોકભાઈ એસ.પટેલે સંભાળ્યું હતું.

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

Editor : Dr. B J Ankuya, Assistant Librarian

Published by : Dr. J R Mehta, Registrar

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com